# ૧૨.૫ જૈન ચિત્રકલાનો અદ્‌ભુત વારસો.

લેખક : ખોડીદાસ ભા. પરમાર.

ભારતીય ચિત્રકલાના પ્રાચીન ઈતિહાસમાં અજંતાની કલા શાસ્ત્રીય ચિત્રકલા છે. ઈ.સ. પૂર્વેની ૧લી, ૨જી સદીથી આલેખાયેલી આ કલાલક્ષ્મીનો સ્રોત લગભગ ૭મી સદી સુધીતો અવિરત વહ્યા જ કર્યો છે, પણ બૌદ્ધધર્મના વળતા પાણી સાથે અજંતાશૈલીનો કળાપ્રવાહ લગભગ લુપ્તપ્રાય થઈ જાય તે, છતાંય કોઈકોઈ આછી સરવાણીઓ તો ધીમે ધીમે વહ્યા કરે છે. એટલે ૭મી સદી પછી અજંતાની ગુફાઓમાં થયા છે તેવા વિશાળપટને આવરી લેતા ભીંતચિત્રો વિલીન થાય છે. વચલા કાળમાં લગભગ બે ત્રણ સૈકાનો ગાળો વહે છે તે સમયમાં થોડું ઘણું ચિત્રકામ થાય છે. પણ તેની ચિત્રશૈલીમાં ધીમે ધીમે અજંતા કરતા થોડી ભિન્નતા આવતી જાય છે. આ ગાળાના સમયના જે ચિત્રો મળ્યા છે, તે લગભગ ૯મી, ૧૦મી સદીમાં થયા હોય તેમ મનાય છે.

લગભગ ૧૦મી સદી પછી પૂર્વમાં "પાલચિત્રશૈલી" અને પશ્ચિમમાં એક નવીન જ શૈલી, જે અજંતાશૈલીના રૂપ અનુસરણે અને લોકશૈલીના સમન્વયે ચિત્રિત થઈ છે, તેને પ્રથમ તો કલા વિવેચકો "જૈનચિત્રશૈલી" જ નામ આપે છે.

આ શૈલીનું મૂળ ઈ.સ. ની ૭મી સદીમાંના એક ચિત્રમાંથી મળી રહે છે. તે દક્ષિણ ભારતના રાજા મહેન્દ્રવર્માના સમયમાં બંધાયેલ "સિતન્નવાસલ"ની ગુફામાં એક ચિત્રમાં છે. ગુફાની ભીંતપર જુદા જુદા ચિત્રો કરેલાં છે. તેમાં ઉપર એક કમળતળાવડીનું ચિત્ર છે. આ ચિત્રમાં જૈનકલમની શરૂઆતનું બીજ છે તેમ કલાવિવેચકોનું માનવું છે. આમ સિતન્નવાસલની ગુફામાંથી શરૂ થઈ તે શૈલી લગભગ ૯મી, ૧૦મી સદી માં ઈલોરામાં વધારે વિકસિતરૂપે દેખાય છે. જે અજંતાશૈલીથી ભિન્નપ્રકારની થઈ ગઈ છે, અને નવો વળાંક લઈ રહેલી દેખાય છે. તેમાં થોડાંક નવાં તત્ત્વો ઉમેરાયા છે. આ ચિત્રો સાથે જૈનશૈલીની હસ્તપ્રતોના ચિત્રોનો સીધો સંબંધ છે, એટલે અજંતાથી ઈલોરા, તે પછી જૈનશૈલી એમ ભારતીય ચિત્રકલાનો સીધો, વારસો, મધ્યકાળમાં  આ જૈન હસ્તપ્રતોનાં દૃષ્ટાંતચિત્રો સાચવે છે.

આમ ૧૧મી સદીથી ૧૫મી સદી સુધીમાં ભારતીય ચિત્રકલામાં નવીનતા તેમજ દૃષ્ટાંતચિત્રોની સુંદર પરિપાટી સર્જવામાં આ શૈલીનો મહત્ત્વનો ફાળો છે. આ યુગમાં કલાકારોએ અમુક નાના કદ, માપની પોથીઓમાં, નક્કી કરેલા રૂઢિગત નિયમોમાં રહીને પણ ધીરજથી અને નિષ્ઠાથી ઉત્તરોત્તર સુંદર કામ કર્યું છે. તે જૈનહસ્તપ્રતોમાં વિગતથી જોવા મળશે. આ બધું કરાવવાનો યશ પ્રતો-પોથીઓ લખાવનારા દાતાઓને તેમજ કલાપ્રિય મુનિઓને આભારી છે. જૈનશૈલીના ચિત્રોવાળી જૈનપોથીઓ મુખ્યત્વે પશ્ચિમભારત (ગુજરાત), રાજસ્થાન તેમજ સૌરાષ્ટ્રમાંથી શ્વેતાંબર જૈનના ગ્રંથભંડારોમાંથી પુષ્કળ પ્રમાણમાં મળી આવી છે. આ બધી જ પોથીઓ ૧૧મી થી ૧૫મી સદી સુધીમાં ચિત્રિત થઈ છે.

આ પોથીઓ શરૂઆતના સમયમાં તો તાડપત્ર ઉપરજ લખાતી ચીતરાતી હતી. શ્રી નામના તાડપત્ર ઉપર વિશેષત: જ પોથીઓ લખાઈ ચીતરાઈ છે. તેનો સૌથી જૂનો ચિત્રિત નમૂનો ઈ.સ.ની ૧૧૦૦માં ભરૂચમાંથી મળેલી નિશીથચૂર્ણિની પ્રતનો છે.

આમ શરૂઆતના સમયમાં તાડપત્ર પર પોથીઓ લખાઈ ચીતરાઈ, તે પ્રતોને સાચવવા માટે ઉપર નીચે લાકડાની બે પટ્ટીઓ રાખવામાં આવતી તેના ઉપર પણ ચિત્રો થયાં છે, તેની ઉપરનાં ચિત્રોમાં તીર્થંકરો તેમજ પંચકલ્યાણકના ચિત્રો, નેમિનાથનો વિવાહ તેમજ શોભનરાહો વગેરે ચીતરેલા જોવા મળે છે. આમ તાડપત્ર, લાકડાંની પટ્ટીઓ પર ચિત્રો થયાં તે શરૂઆતના કાળમાં પણ જૈનશૈલીના સૌથી સુંદરમાં સુંદર ચિત્રિત નમૂનાઓ તો કાગળ પરની ચિત્રિત પ્રતોમાંથી મળે છે. લગભગ ૧૪મી, ૧૫મી સદીમાં કાગળ ઉપર પોથીઓ લખાવી શરૂ થઈ હોય તેમ માનવામાં આવે છે અને પછી તો પુષ્કળ પોથીઓ લખાઈ ચીતરાઈ છે. તે સમયમાં વસ્રપટ ઉપર પણ ચિત્રો થતાં હતાં, તે લાંબા ઓળિયારૂપે થતાં જેમાં આખી સળંગ પ્રસંગમાળા કે અમુક પ્રસંગદર્શન ચીતરાતું. આ કાપડના ઓળિયાને ખાસ કરીને વિજ્ઞપ્તિ-પત્ર તરીકે ઉપયોગમાં લેતા. આવા વિજ્ઞપ્તિ પત્રોનું ચિત્ર સાથે ઐતિહાસિક દૃષ્ટિએ પણ ખૂબ જ મૂલ છે. કારણ કે તેમાં તત્કાલીન ઘણી માહિતીઓ લેખિત, ચિત્રિત હોય છે. ચામડાં પર જવલ્લે જ ચીતરાયું છે. આ શૈલીનો અપવાદ નમૂનો કોઈ મળી રહે ખરો.

આ જૈન શૈલીનો પ્રથમ પરિચય કરાવનાર ડો. આનંદકુમાર સ્વામી હતા. ૧૯૨૪માં બર્લિનસંગ્રહસ્થાનમાંથી તેમણે ‘કલ્પસૂત્ર’ની પ્રતમાંથી આ ચિત્રશૈલીનો પરિચય આપ્યો. તે કાળે ઉપલબ્ધ થયેલા ચિત્રગ્રંથો જૈનધર્મના જ હતા, અને આ શૈલીનું જ ચિત્રકામ વિપુલપ્રમાણમાં આ પ્રતોમાં હતું, તેથી ડો. આનંદકુમાર સ્વામીએ આ શૈલીને “જૈનશૈલી” એ નામ આપ્યું. પણ ત્યાર પછી વિદ્વાનોની શોધખોળથી આ શૈલીના વિશેષ ગ્રંથો પ્રકાશમાં આવ્યા. આજ ઘાટીએ ચીતરેલા જૈન તેમજ જૈનેતર ગ્રંથોનો તેમાં સમાવેશ થતો હતો. એ સમયમાં લખાયેલ ગ્રંથોમાં આ શૈલીનું જ ચિત્રકામ હતું. તે જૈન તેમજ જૈનેતર ગ્રંથોમાં હતું. તેથી ડો. આનંદકુમાર સ્વામીએ તેને નવું નામાભિધાન આપ્યું. “પશ્ચિમભારતની ચિત્રશૈલી” પણ વધારે શોધખોળ કરતાં તો મારવાડ, જોનપુર, અવધ, પંજાબ વગેરે સ્થળેથી, ભારતના ઘણા ભાગમાંથી આ શૈલીમાં ચિત્રિત ગ્રંથો ઓળિયા વગેરે મળ્યા. વિદ્વાનોને હવે માત્ર આ બીજું નામ પણ અજુગતું લાગ્યું, કારણ કે માત્ર ગુજરાત પુરતી જ સીમિત આ શૈલી નહોતી પણ આ શૈલીનાં ચિત્રો તો ભારતના ઘણાખરા ભાગમાં પ્રચલિત હતા. તેથી આ શૈલીને શ્રી રાયકૃષ્ણદાસે “અપભ્રંશ શૈલી” એ નામ આપ્યું, કારણ કે અજંતાની શાસ્રીયશૈલીની આ અનુગામી વારસ છે. જેમ ભાષામાં, તેમજ આ ચિત્રશૈલીમાં પણ બન્યું છે. છતાં હજીય સામાન્ય લોકો તો આ શૈલીને ‘જૈનશૈલી’એ નામથી જ ઓળખે છે.

આ જૈનશૈલીનું મુખ્ય આગવું લક્ષણ ઊડીને આંખે વળગે તેવી ભભકદાર તેની રંગદર્શિતા ચિત્રણની અલંકારિક અને બારીક વિગતો જોઈને ઘડીભર તો માણસ મુગ્ધ બની જાય છે. ઓછા રંગેથી ખૂબ જ ઝીણવટભરી રીતે, નક્કી કરેલા નિયમો પ્રમાણે, અને અમુક માપના નાના સમચોરસ કે લંબચોરસમાં ચિત્રકારોએ ચિત્રનું સુંદર આયોજન કરેલું જોવા મળે છે.

આ શૈલી મુખ્ય તો શોભન અને દૃષ્ટાંત ચિત્રો માટેની હોય તેમ છે. જૂના કાળમાં એવો રિવાજ હતો કે જૈનશાસ્રના ગ્રંથો માત્ર મુનિ મહારાજ જ વાંચે. બહાર શ્રાવકોને

તો મોઢેથી જ ઉપદેશ આપે. એક વખત વલભીના રાજા ધ્રુવસેનનો યુવાનરાજકુંવર ગુજરી ગયો, તે એકનો એકજ હતો. તે રાજાને આશ્વાસન આપવા માટે ત્યાંના જૈનસૂરિએ તેની પાસે "કલ્પસૂત્ર" વાંચ્યું. ત્યારથી જ જાહેરમાં કલ્પસૂત્ર વંચાયું.

માનવ, સ્વભાવથી જ અલંકાર અને શોભનપ્રિય છે. તે જીવનના દરેક ક્ષેત્રમાં કલા પાથરે છે. તો આ 'કલ્પસૂત્ર' તો ધર્મનો મહાનગ્રંથ છે. તેમાં પૂજનીય તીર્થંકરોના મંગલમય જીવનનો સાર સમાયેલો છે, તે ગ્રંથ વરવો કેમ રાખી શકાય? પૂજનીય ધર્મગ્રંથો તો સુંદર નયનાભિરામ અને હ્રદયને આકર્ષી શકે તેવા સુંદર હોવા જોઈએને? તેથી કલાપ્રિય મહારાજશ્રીઓએ, શ્રષ્ઠીઓએ અને શ્રીમંતોએ આ ગ્રંથોને ખૂબ જ અલંકારિક રીતે સોનારૂપાની શાહીથી તેમજ અવનવા રંગોથી ચિત્રિત કરાવવાની શરૂઆત કરી. વળી આ ગ્રંથમાં લખાણ સાથે ચિત્ર મુકવાનું કારણ એ પણ હોય કે અભણ શ્રાવક પણ ગ્રંથનું ચિત્રદર્શન કરીને સમજી શકે કે આ કયા તીર્થંકરનું જીવનચરિત્ર છે.

કલાકારે શોભનશૈલીમાં છાયાપ્રકાશ કર્યા વગર આ બધા ચિત્રોમાં રંગો ભર્યા છે. આ સપાટરંગો, વળી અમુક ચોક્કસ ચીલામાં નક્કી કરેલી ઘાટીપર આ ચિત્રોમાં આકૃતિઓ આલેખી છે. આ બધા ચિત્રોમાં સાદ્ૃશ્યપણું નથી. જો કે અમુક નક્કી માણસોની છબી બનાવવાનો પ્રયત્ન થયો છે, પણ તે ચાલુ શૈલીમાં જ, દા.ત. હેમચંદ્રસૂરિ વગેરે. આમાં વ્યક્તિનું ચિત્ર દોરી તેનાં નામ પણ લખ્યાં છે. આ જોતા લાગે છે ભારતીય ચિત્રકલાના ઈતિહાસમાં અમુક માણસની જ આ છબી છે તે પ્રથમવાર અહીં જોવા મળે છે. એટલે તે છબીચિત્ર વાસ્તવિક તો નથી તેમ છતાં છબીચિત્રનું શરૂઆતનું બીજ આ કલમથી શરૂ થતું લાગે છે, જે રાજપૂત અને મુગલકલમમાં વિકસિત બને છે. આ શૈલીમાં બધાજ પાત્રો, રાજા, રાણી, દાસી, નર્તકા કે સાધુ સૌ અમુક નક્કી કરેલા રૂઢીના નિયમમાં બીબા ઢાળ જેવા છે. તેમાં તીર્થંકરો અને રાજારાણીની આકૃતિઓ વધારે મોટી જ્યારે આજુબાજુના સામાન્ય લોકોની આકૃતિઓ સહેજ નાની દોરી છે. આમ કરવાનું કારણ મોટી વ્યક્તિનો પ્રભાવ અને હોદ્દો દેખાડી સૌથી તેને જુદા પાડવાનું છે. વળી દરેક ચહેરો (Profile) એક ચશ્માવાળો દેખાતો હોવા છતાં તેમાં બીજી આંખ અચૂક ચીતરેલી છે જ. માનવપાત્રોના મોઢામાં અર્ધવર્તુલાકાર કાન સુધી લંબાયેલી ભ્રમર, સૌથી આગળ પડતું અણીવાળું નાક, મોટી આંખ અને પુરુષના મુખે દાઢી મૂછ ચીતરી અર્ધમુખની એક બાજુ કરી છે. તેમાં એકબાજુમાં એક જ આંખ દેખાય છતાં બીજી આંખ નાકની ઉતરથી દેખાડી છે. આ જૈનશૈલીનું પ્રમુખ લક્ષણ છે.

આ શૈલીના ચિત્રોમાં રંગ ભરીને કાળી જોરદાર છતાં પાતળી રેખાઓથી આકૃતિઓને સુંદર રીતે પૂરી કરી છે. આકૃતિઓ વધારે જડ લાગે છે. માણસ સાથે હાથી, ઘોડા, હરણ, ગાય, મોર, હંસ વગેરે દશ્યમાં ચીતરાયા છે, પણ તે જડ જેવા, રમકડાં જેવા લાગે છે. દશ્યમાં ઝાડ પણ અમુક જ રીતે ચિત્રિત થયા છે. ઝાડમાં બહુ વિવિધતા નથી, પણ શોભન તરાહોમાં તો અસંખ્ય નવીનતા છે. ચિત્રમાંના દરેક પાત્રો પહેરેલા પોશાકમાં અવનવી ભાતો છે, જે ચિત્રકારે ખૂબ જ વિગતે આલેખી છે. વળી પાનામાં શોભન માટે વપરાયેલી કલ્પલતાઓનો તો કોઈ સુમાર નથી. જૈન ગ્રંથોમાં આલેખિત શોભન તરાહો તો જુદી માંગ માગી રહે તેટલી બહુલતા અને વિવિધતાવાળી છે. તેમાં પશુ, પંખી,

વેલ, બુટી વગેરે સુંદર રીતે છંદગતિમાં આલેખ્યા છે. શોભન સાથે જૈન ધર્મના ચાર મંગલ પ્રતીકો, તેમજ ચૌદ સ્વપ્ન તો સુંદર કલ્પના વૈભવથી દોર્યા છે.

જૈનશૈલીના ચિત્રોમાં મૂળ આટલા રંગો મૂખ્યતઃ વિશેષ છે. લાલ હિંગળોક, પીળો, નીલો સફેદ અને કાળો. જ્યારે બાકીના રંગો મેળવણીથી થયેલા છે. પણ આ શૈલીના ચિત્રોમાં સુંદરતાની ટોચ અર્પનાર સાચો સોનેરી અને રૂપેરી રંગ વપરાયો છે. જેનાથી ચિત્ર ઝળહળાં થઈ જાય છે, ચિત્રમાં સોનેરી રૂપેરી રંગના, દાગીના, કપડાં વગેરેમાં ઉપયોગ થયો છે. ઘણી પોથીઓ તો સુવર્ણાક્ષરી છે, જે માત્ર પૂજવા માટે હશે તેમ લાગે છે. આ સુંદર રીતે સુશોભિત પોથીઓ અત્યારે ઘણાં જૈનભંડારોમાં સચવાયેલી પડી છે. તેમાં મુખ્ય તો પાટણ, અમદાવાદ, જેસલમેર વગેરે સ્થળે છે.

આ શૈલીમાં ચીતરાયેલ જૈન તેમજ જૈનેતર પોથીઓના પુરુષપાત્રના (મુનિઓ સિવાયના) કપાળમાં અંગ્રેજીમાં યુ (U) જેવું તિલક છે, અને સ્રીઓના કપાળમાં ગોળ બિન્દી છે. આ બંન્ને નિશાની તે વખતે કદાચ કોઈપણ સંપ્રદાયના પ્રતીક ન પણ હોય અને કપાળની શોભા વધારવા માટેના મંડન હોઈ શકે. અથવા તો આ પરથી એવું પણ અનુમાન કરી શકાય કે આ પોથીઓ ચીતરનારા જૈનેતર ચિત્રકારો હશે, જેણે આ પ્રતીકો મૂક્યા હોય, અને પછી તે પ્રતીકો પણ ચિત્રમાં બીજી વિગતોની જેમ પરંપરામાં ચાલ્યા આવ્યા હોય.

જૈન શૈલીના સૌથી દર્શનીય નમૂનાઓ કાગળ પરની પોથીઓમાંના છે. જેમાં જૈનશૈલીના શ્રેષ્ઠ નમૂનાઓ જોવા મળે છે. આ 'અપભ્રંશ શૈલી'નો પરિપાક કહી શકાય તેવા નમૂનાઓ 'કલ્પસૂત્ર'ની કાગળની પ્રતોમાં છે. આમ 'કલ્પસૂત્ર'ની ઘણી સચિત્રપત્રો જુદાજુદા સ્થળેથી મળી આવી છે શ્રી સારાભાઈ નવાબે આવી ઘણી પ્રતોના બહુરંગી પ્રકાશનો કર્યા છે.

ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાના ગ્રંથાગારમાં ૧૬મી સદી વિ.સં. ૧૫૬૯નું એક સુંદર સચિત્ર 'કલ્પસૂત્ર' છે. તે જૈનશૈલીમાં ચિત્રિત છે. તેના ચિત્રો ખરેખર સુંદર છે. તેમાં ભગવાનનો જન્મ, ઈન્દ્રસભા, નેમિનાથનો વરઘોડો વગેરે સુંદર ચિત્રો તે પ્રતિને આકર્ષક હૃદયંગમ બનાવે છે.